# છૂટક અને વ્યક્તિગત ખાતાઓ માટે માયબેંક ઇન્ડિયા

## યુપીઆઈ

યુપીઆઈ એટલે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ), જે વિવિધ બેંકો વચ્ચે આંતર-સંચાલનક્ષમતાને સરળ બનાવવા માટે એક આરબીઆઈ નિયમિત સંસ્થા, એટલે કે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા પ્રદાન કરવામાં અને બનાવવામાં આવેલ પ્લેટફોર્મ છે.

તેના દ્વારા ખાતા ધારકો, તેમના બેંક ખાતાની કોઈપણ માહિતી દાખલ કર્યા વિના, તેમના સ્માર્ટફોનનો ઉપયોગ કરીને સિંગલ આઇડેન્ટિફાયર - વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (વીપીએ) વડે રત જ પૈસા મોકલી અને પ્રાપ્ત કરી શકે છે. તેથી, ગ્રાહકોને ચૂકવણી પ્રાપ્ત કરનાર અથવા ચૂકવનારનો આઈએફએસસી કોડ, બેંક ખાતાની વિગતો વગેરે જાણવાની જરૂર નથી અને આનાથી આ પ્રક્રિયાને સરળ બને છે. બેંક રજાઓ સહિત આ સેવા 24/7 ઉપલબ્ધ છે.

### યુપીઆઈ નોંધણી

— નોંધણી માત્ર એક જ વખત કરવાની રહેશે અને તે યુપીઆઈ નો પ્રથમ વખત ઉપયોગ કરવા પર કરવાની રહેશે
— ફૂટર મેનુમાંથી અથવા હેમબર્ગર સાઇડ મેનૂમાંથી ભીમ યુપીઆઈ આઇકોન પર અથવા ફંડ ટ્રાન્સફર પર ક્લિક કરો અને પછી ભીમ યુપીઆઈ વિકલ્પ પસંદ કરો
— તમારા નોંધાયેલ મોબાઈલ નંબર પર પ્રાપ્ત થયેલ ઓટીપી દાખલ કરો
— તમારું વ્યક્તિગત વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (વીપીએ) બનાવો અથવા સૂચનોની સૂચિમાંથી પસંદ કરો
— પૈસા મોકલવા/ પ્રાપ્ત કરવા માટે તમારું બેંક એકાઉન્ટ લિંક કરો
— તમે હવે ભીમ યુપીઆઈ નો ઉપયોગ શરૂ કરી શકો છો

### UPI નો ઉપયોગ કરીને પૈસા મોકલો

— ટ્રાન્સફર ટુ વીપીએ વિકલ્પનો ઉપયોગ કરીને કોઈપણ વેરિફાઈડ વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (VPA) પર પૈસા મોકલો
— ટ્રાન્સફર ટુ એકાઉન્ટ વિકલ્પનો ઉપયોગ કરીને કોઈપણ એકાઉન્ટ નંબર પર પૈસા મોકલો
— સ્કેન એન્ડ પે વિકલ્પનો ઉપયોગ કરીને કોઈપણ ક્યુઆર કોડ પર પૈસા મોકલો
— વેરિફાઈડ વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (વીપીએ) તરફથી મળેલી કોઈપણ કલેક્ટ રિકવેસ્ટ મંજૂર કરીને પૈસા મોકલો

*આઈએફએસસી કોડ હોવું પણ જરૂરી છે

## યુપીઆઈ નો ઉપયોગ કરીને પૈસા મેળવો

— કોઈપણ વેરિફાઈડ વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ રિક્વેસ્ટ મની વિકલ્પ પરથી પૈસા મેળવો

— કોઈપણ વેરિફાઈડ વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (વીપીએ) પરથી પૈસા મેળવવા માટે તમારો વ્યક્તિગત ક્યુઆર કોડ જનરેટ કરો
— અન્ય વીપીએ ને મોકલવામાં આવેલ નાણાંની વિનંતી, પેન્ડિંગ રિકવેસ્ટ વિભાગમાં જોઈ શકાય છે. વિનંતીઓ જોવા માટે પેન્ડિંગ વિથ અધર બટન પર ક્લિક કરો

## મર્ચન્ટ પેમેન્ટ

— ત્વરિત ચુકવણી કરવા માટે મરચન્ટ ક્યુઆર કોડ સ્કેન કરો
— કોઈપણ મર્ચન્ટ વેબસાઈટ પર તમારું ડોઈશ બેંક વીપીએ એડ્રેસ દાખલ કરો, ચુકવણી કરવા માટે તમારી માયબેંક ઇન્ડિયા ઍપમાંથી કલેક્ટ રિકવેસ્ટને મંજૂર કરો
— કલેક્ટ રિક્વેસ્ટ પેન્ડિંગ રિક્વેસ્ટમાં જોઈ શકાય છે. પેન્ડિંગ રિકવેસ્ટ પર નેવિગેટ કરો અને પેન્ડિંગ વિથ મી બટન પર ક્લિક કરો

## VPA મેનેજ કરો

— મેનેજ વીપીએ વિભાગમાંથી તમારા હાલના વીપીએ સાથે વધારાના એકાઉન્ટ લિંક કરો
— તમે વધારાના વીપીએ બનાવી શકો છો
— તમે મેનેજ વીપીએ વિભાગમાંથી વીપીએ /ડી-લિંક કરી શકો છો

## UPI ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી

— માયબેંક ઇન્ડિયા એપમાંથી મોકલવામાં આવેલ પૈસા, સેન્ડ મની વિભાગ હેઠળ જોઈ શકાય છે
— તમારી ડોઇશ બેંક, વીપીએ નો ઉપયોગ કરીને પ્રાપ્ત થયેલ પૈસા, રિસીવ મની વિભાગ હેઠળ જોઈ શકે છે.

## વારંવાર પૂછાતા પ્રશ્નો

### યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઈ) શું છે?

યુપીઆઈ એટલે યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઈ), જે NPCI દ્વારા ગ્રાહકોને ચુકવણી માટે પ્રદાન કરવામાં આવતી નવી સુવિધા છે. તેના દ્વારા તમે, બેંક ખાતાની માહિતી દાખલ કર્યા વિના, તમારા સ્માર્ટફોન અને ટેબ્લેટનો ઉપયોગ કરીને એક જ આઇડેન્ટીફાયર – વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (વીપીએ)/ યુપીઆઈ આઈડી વડે 24/7 પૈસા મોકી અને પ્રાપ્ત કરી શકો ચો. તેથી, ગ્રાહકોને ચૂકવણી પ્રાપ્ત કરનાર અથવા ચૂકવનારનો આઈએફએસસી કોડ, બેંક ખાતાની વિગતો વગેરે જાણવાની જરૂર નથી અને આનાથી આ પ્રક્રિયાને સરળ બને છે.

### વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (વીપીએ)/ યુપીઆઈ આઈડી શું છે?

VPA/UPI ID એ એક આઇડેન્ટીફાયર છે, જેને તમે સુરક્ષિત રીતે ચૂકવણી કરવા માટે તમારા કોઈપણ બેંક એકાઉન્ટમાં બનાવી અને લિંક કરી શકો છો. વીપીએ/ યુપીઆઈ આઈડી yourname@db* અથવા mobilenumber@db* અથવા એ કોઈપણ કોમ્બિનેશન* હોઈ શકે છે જે યાદ રાખવામાં સરળ હોય. તેમાં અનુમતિપાત્ર હોય તેવા (ડોટ |.| હાયફન |-| અન્ડરસ્કોર |_| એટ ધ રેટ |@|) સિવાયના કોઈપણ વિશિષ્ટ અક્ષરોના ઉપયોગની મંજૂરી નથી. તમારું આઈડી યાદ રાખવામાં સરળ હોવું જોઈએ જેમ કે yourname@db* અથવા mobilenumber@db*.
* ઉપલબ્ધતાને આધીન

## હું VPA કેવી રીતે જનરેટ કરી શકું?

માયબેંક ઇન્ડિયા એપ પર જાઓ. ભીમ યુપીઆઈ પર ક્લિક કરો, તમને બેંકમાં નોંધાયેલ તમારા મોબાઇલ નંબર પર પ્રાપ્ત OTP દાખલ કરવા માટે કહેવામાં આવશે. એ પછી તમને yourname@db* અથવા mobilenumber@db* જેવા VPA પસંદ કરવા માટેની સ્ક્રીન દેખાશે. તમે તમારું પોતાનું વ્યક્તિગત વીપીએ * સેટ કરી શકો છો અથવા સૂચનોમાંથી પસંદ કરી શકો છો. એકવાર નોંધણી થઈ ગયા પછી, તમે UPI ના મેનેજ વીપીએ વિભાગમાંથી વધુ વીપીએ ઉમેરી શકો છો.
* ઉપલબ્ધતાને આધીન

## શું UPI નો ઉપયોગ કરીને કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શન પર કોઈ શુલ્ક છે?

હાલમાં યુપીઆઈ દ્વારા કરવામાં આવતા ટ્રાન્ઝેક્શન માટે કોઈ શુલ્ક નથી.

## હું UPI નો ઉપયોગ કરીને પૈસા કેવી રીતે ટ્રાન્સફર કરી શકું?

- માયબેંક ઇન્ડિયા એપમાં લોગિન કરો અને ભીમ યુપીઆઈ પર ક્લિક કરો
- "ટ્રાન્સફર ટુ વીપીએ " અથવા "ટ્રાન્સફર ટુ એકાઉન્ટ" દ્વારા ટ્રાન્સફર મની પર ક્લિક કરો
- સ્ક્રીન પરની વિગતો, જેમ કે બેનીફીશીઅરી VPA અથવા ખાતાની વિગતો, રકમ અને ટિપ્પણીઓ દાખલ કરો. જો તમારી પાસે ઘણા બધા ખાતાઓ/ વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ છે, તો ડેબિટ માટે તમારું ડિફોલ્ટ વીપીએ પસંદ કરવામાં આવશે. પ્રોસીડ પર ક્લિક કરો
- કૃપા કરીને સમરી પેજ પરની આગલી સ્ક્રીનની કાળજીપૂર્વક સમીક્ષા કરો, સબમિટ કરવા માટે તમારા ક્રેડેન્શિયલ્સ દાખલ કરો

## કયા વિવિધ પ્રકારો દ્વારા હું UPI નો ઉપયોગ કરીને પૈસા મોકલી શકું?

તમે આઈએફએસસી (લાભાર્થીના ખાતાની વિગતો) નો ઉપયોગ કરીને, લાભાર્થીનો વીપીએ દાખલ કરીને અથવા લાભાર્થીનો ક્યુઆર કોડ સ્કેન કરીને પૈસા મોકલી શકો છો.

## યુપીઆઈ નો ઉપયોગ કરીને પૈસા મોકલવા પરની મર્યાદા શું છે?

તમે પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂ. 1 લાખ સુધીના UPI ટ્રાન્ઝેક્શન અને કુલ રૂ. 1 લાખ સુધીના, વધુમાં વધુ 10 ટ્રાન્ઝેક્શન કરી શકો છો.

પૈસા ટ્રાન્સફર કરવા માટેની અન્ય પદ્ધતિઓ કરતાં UPI ફંડ ટ્રાન્સફર લાભદાયક શા માટે છે?

આ સેવા ત્વરિત અને 24X7 ઉપલબ્ધ છે, જાહેર/બેંક રજાઓ પર પણ. ગ્રાહકો, લાભાર્થીનું વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ આપીને સરળ પગલાંમાં ફંડ ટ્રાન્સફર કરી શકે છે. ઉપરાંત, લાભાર્થીને કોઈ પૂર્વ નોંધણી કરવાની જરૂર નથી.

## હું મારા યુપીઆઈ ટ્રાન્ઝેક્શન ક્યાં જોઈ શકું?

તમે ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી વિકલ્પ હેઠળ તમારા ભૂતકાળના ટ્રાન્ઝેક્શન જોઈ શકો છો. આ ઓનલાઈન બેંકિંગ અને બેંક સ્ટેટમેન્ટમાં પણ પ્રતિબિંબિત થશે.

## શું હું યુપીઆઈ દ્વારા ટ્રાન્સફર કરાયેલા પૈસા માટે સ્ટોપ પેમેન્ટ રિકવેસ્ટ કરી શકું?

ના, એકવાર ચુકવણી શરૂ થઈ જાય પછી તેને રોકી શકાશે નહીં.

## શું હું યુપીઆઈ નો ઉપયોગ કરીને વિદેશમાં પૈસા ટ્રાન્સફર કરી શકું?

ના, તમે આ વિકલ્પ દ્વારા વિદેશમાં પૈસા ટ્રાન્સફર કરી શકતા નથી.

## શું હું મારા એનઆઈરઈ/ એનઆરઓ એકાઉન્ટને યુપીઆઈ હેઠળ લિંક કરી શકું?

ના એનઆઈરઈ/ એનઆરઓ એકાઉન્ટ યુપીઆઈ સાથે લિંક કરી શકાતું નથી.

## જો મારો હેન્ડસેટ બદલાઈ જાય તો શું થાય?

જ્યારે તમે માયબેંક ઇન્ડિયા એપમાં લોગીન કરો છો અને ભીમ યુપીઆઈ પર ક્લિક કરો છો, ત્યારે તમારે બેંકમાં નોંધાયેલા મોબાઇલ નંબર પર પ્રાપ્ત ઓટીપી દાખલ કરવો પડશે.

### યુપીઆઈ નો ઉપયોગ કરીને પૈસા પ્રાપ્ત કરતી વખતે, મને કેવી રીતે ખબર પડે કે મોકલનાર વ્યક્તિએ ટ્રાન્ઝેક્શનને અધિકૃત કર્યો છે કે નહીં?

મોકલનાર તરફથી અધિકૃત થવા માટે બાકી રહેલી કોઈપણ કલેક્ટ મની રિકવેસ્ટ, ભીમ યુપીઆઈ માં પેંડીંગ રિકવેસ્ટ હેઠળ અન્ય વિકલ્પ સાથે પેન્ડિંગ હેઠળ જોઈ શકાશે.

## યુપીઆઈ માં મારા દ્વારા અધિકૃતતા માટે બાકી રહેલા ટ્રાન્ઝેક્શનની યાદી મને ક્યાં જોવા મળશે?

તમે ભીમ યુપીઆઈ માં પેન્ડિંગ રિકવેસ્ટ હેઠળ પેન્ડિંગ વિથ મી મેનૂ હેઠળ કલેક્ટ મની સ્વીકારી અથવા નકારી શકો છો.

## યુપીઆઈ હેઠળ થતા ટ્રાન્ઝેક્શન કેટલા ઝડપી છે?

યુપીઆઈ હેઠળ થતા ટ્રાન્ઝેક્શન થોડીક સેકન્ડમાં પૂર્ણ થઈ જાય છે.

વિગતવાર નિયમો અને શરતો વાંચવા માટે અહીં ક્લિક કરો.